ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**
**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**
ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૨/૨૩–૨૪/ ૩૪૨ તારીખ : 26 APR 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,

**મે.શ્રી રામ ઓકસી ગેસ પ્રા.લી.,**
શ્રી રામ હાઉસ, ખારગેડા શેરી,
ખારગેટ,
ભાવનગર.

કેસ નં.૮૨/૨૩–૨૪

મો.નં– ૦૨૭૮ ૨૪૨૫૪૫૯૬

**વિષય : રીકવરી કરેલ રૂ.૩૬,૪૯,૯૩૬/૨૫ ના રીફંડ બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૨/૦૨/૨૦૨૪ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૫/૦૨/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૨/૨૩–૨૪/૧૨૫ તા.૧૬/૦૨/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૨/૨૩–૨૪/૧૫૦ તા.૨૧/૦૨/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૫/૦૩/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**વિભાગીય કચેરી, પાલીતાણા.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૮૨/૨૩–૨૪**

વાદી :– મે.શ્રી રામ ઓકસી ગેસ પ્રા.લી.

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૫/૦૩/૨૦૨૪** ◈

હાજર રહયા :– શ્રી વિક્રમભાઈ એલ.શાહ (વાદી ના અધિકૃત પ્રતિનિધિ)
પ્રતિવાદી :– શ્રી આર.જી.રાઠોડ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે.શ્રી રામ ઓકસી ગેસ પ્રા.લી., મું.ભાવનગરની રીકવરી કરેલ રૂ.૩૬,૪૯,૯૩૬/૨૫ ના રીફંડ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૨/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૮૨/૨૩–૨૪/૧૨૫ તા.૧૬/૦૨/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૫/૦૩/૨૦૨૪ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મે.શ્રી રામ ઓકસી ગેસ પ્રા.લી વતી તેમના અધિકૃત પ્રતિનિધિ શ્રી વિક્રમભાઈ એલ શાહ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી આર.જી.રાઠોડ કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ**– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

**DETAILS OF THE COMPLAIN :**

We are a company registered under the Company Act and engaged in manufacturing oxygen and other related products. The subject plant is situated at Survey No. 215/1 Manar Sathra Road, Near Alang, Tal: Talaja Dist. Bhavnagar.

We are an EHT consumer with PGVCL (O&M) division, Palitana having a connection No.23368 and contract demand of 7400 KVA under HTP1 tariff.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

We are also receiving power from entities other than the Distribution Licensee PGVCL and are defined as open access customers in line with GERC notification 3 of 2011. We had procured power under a bilateral agreement with the generator or from the Energy exchange IEX.

The respondents had sent a calculation sheet of recovery made against the demand charge for the energy bills for 12 different monthly bills during a period starting from April 13 to December 21 mentioned in the letter dated 30.09.2023 annexed here as **Annexure-2.**

As the recovery is made against regulation and settled principle of law, the applicant replied and clarified the matter vide letter dated 09.11.2023 **(Annexure-3)**.

We are filling these grievances under GERC Regulations of (CGRF & Ombudsman) 2019 notified vide notification 2 of 2019.

**GROUND FOR THE COMPLAIN :**

1) The applicant is receiving power under the policy of open access over and above Distribution Licensee PGVCL from IEX and another generator.

2) The open access power in Gujarat is governed by the Gujarat Electricity Regulatory Commission (GERC) (Terms and Conditions of Intra State Open Access) Regulations, 2011 notified vide Notification 3 of 2011 (in short OA Regulations 2011).

3) Earlier the applicant filed grievances against the wrong calculation of the demand charges with CGRF of PGVCL at Bhavnagar and the case was registered vide No. 38 of 2021-22. The case was regarding the interpretation of Regulation 32.3 of the GERC OA Regulations 2011. The Hon'ble CGRF issued the order on 23.12.2021**(Annexure-4).** As per points No 3.93 and 3.94 of the said order.

3.93 Respondent is directed to verify the statement submitted by complainer for the period mentioned in para 3.91 and confirm the demand supplied by respondent during period as shown by complainer and work out revise bill as per correct demand supplied by the respondent as per regulation 32(3) and refund differential

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

amount to the complainer by crediting amount in the subsequent energy bill within 30 days period. Complainer's plea for interest on such amount liable to be refunded is not accepted.

3.94 Order: As per para 3.93

From the above points, it is clear that the complainer filed the grievances for wrong billing by the respondent and asked for direction from the Hon'ble CGRF regarding the correct interpretation of regulation 32.3 of OA Regulations 2011.

4) The action on the part of the respondent of recovery from the applicant under the guise of violation of Regulation 32.3 of OA Regulation 2011 is illegal, arbitrary, unreasonable, and hit by the principle of **res judicata.** It is respectfully submitted that the Ld. CGRF of PGVCL already directed the respondent vide order dated 30.12.2021 passed in case no.38 of 2021-22 to refund the said amount to the present applicant way back in the year 2021. Thereafter, the respondent has already granted the refund of Rs. 1,23,49,965/00 in the regular energy bill of July 2022. Now, despite clear directions issued by the Ld. CGRF in the order dated 30.12.2021, the respondent has unlawfully recovered an amount of Rs.36,49,936/25 from the refund granted following Ld. CGRF order in case No. 38 of 2021-22 as per the whimsical interpretation of the same Regulation 32.3 of OA Regulations of 2011 in the energy bill of September 2023.

Such action is not only hit by the bar of the principle of 'res Judicata' but also amounts to contempt of court. The respondent ought to have challenged the said order dated 31.12.2021 passed by the Ld. CGRF, before the appropriate authority within a reasonable time, in case the respondent was aggrieved by the said order. But in the present case, no such appeal/application is made by the respondent before the higher forum, and therefore, the said order dated 31.12.2021 passed by the Ld. CGRF is still in force and recovering the money of the petitioner after more than one year is

P.G.V.C.L. Bhavnagar

nothing but an abuse of the process of law and a colorable exercise of power by the respondent.

5) In the letter dated 30.09.2023, the respondent has quoted an order of Ld. CGRF of PGVCL at Rajkot dated 29.04.2023, The latest order of any or particularly same category of court cannot be imposed on the old matter for which the order is served and executed by the respondent. This is a clear abuse of the law and violates the fundamental rights of the consumer in an autocratic way.

6) The respondent in the enthusiasm of recovery of the amount failed to register the observation made by the Hon'ble Ombudsman in order in case No.27/2021 M/s Grasim Limited V/S PGVCL point No. 4.5

.......from the above, in case of open access consumer who is also a consumer of the Respondent the energy drawn from the scheduled open access should not be charge at tariff rate. Maximum demand recorded by the energy supply by the Respondent i.e., PGVCL should be charge in the regular energy bill. .....

It indicates that in the case of open-access consumers, the maximum demand recorded by the energy supplied by the distribution licensee should be charged.

Despite such direction, the respondent used its monopoly power in an abusive way to recover the illegal amount from the consumer.

7) Even otherwise, As per Regulations 32 (3) of the notification mentioned above

In case of deviation by Open Access Customer who is also a consumer of the distribution licensee, the difference between the applicable scheduled open access load and actual drawl shall be accounted Block wise and shall be settled in accordance with the following:

The energy consumption of such customers shall be recorded in 15-15 minute time block.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

In case of actual energy drawl is more than the scheduled energy drawl but within the contracted demand, customer shall be liable to pay for such over drawl at the applicable tariff rates as determined by the Commission time to time.

In case of actual energy drawl is more than the scheduled energy drawl and also more than the contracted demand, payment for the capacity above the contract demand shall have to be made at the penal rate as specified by the Commission for such categories of customers in the tariff schedule.

In the first line of the regulation, it is clarified that the difference between the applicable scheduled open access load and the actual drawl shall be accounted for block-wise and shall be settled as per the provisions mentioned in regulation 32.3. The difference in demand charges to be refunded to the applicant was calculated according to the Ld. CGRF order which is as per regulation only. The recovery of the demand charge is illegal and against the regulations.

8) The revision of the refund is initiated after more than one and a half years from the date of refund and that too without fearing the contempt of the court. The applicant requests the Hon'ble CGRF to take serious note of the matter.

**PRAYER**

Hon'ble Forum is prayed to

I. Cancel the recovery as the same is against the law and regulation.

II. Direct the respondent to immediately refund the amount debited in the bill of September 2023 under the guise of Regulation 32.3 to the OA Regulations 2011 as the same is against the Ld. CGRF order in case No. 38 of 2021-22 for the same issue.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

III. Direct the respondent to obey the order to Ld. CGRF in the same matter regarding the interpretation of Regulation 32.3 of the GERC OA Regulations 2011.

IV. To direct the respondent to refund the illegally recovered amount of Rs.36,49,936/25 with interest as even otherwise as per GERC OA Regulations 2011, the recovery made by the respondent is against the said regulation.

V. Allow any relief deemed fit for the purpose.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**જયભારત સાથ ઉપરોકત વિષયના અનુસંધાને જણાવવાનું કે, અત્રેની વિભાગીય કચેરી ના ઈ.એચ.ટી.ગ્રાહક શ્રી રામ ઓકસી ગેસ પ્રા.લી., ગ્રાહક નં–૨૩૩૬૮, કો.ડી.૭૪૦૦ કેવીએ દ્વારા સંદર્ભ નં–૮ મુજબ થયેલ ફરીયાદના અનુસંધાને અત્રેની વિભાગીય કચેરી ની વિગતો/માહિતી નીચે મુજબ છે.**

૨.૧ સદર ગ્રાહક **દ્વારા સંદર્ભ નં–૧ થી ભાવનગર સીજીઆરએફ માં માહે એપ્રિલ–૨૦૧૨ થી ડીસેમ્બર–૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન અત્રે ની વીભાગીય કચેરી દ્વારા તેમને અયોગ્ય બીલો આપવામાં આવેલ છે તે બાબતની ફરીયાદ કરવામાં આવેલ અને તે ફરીયાદ માં ગ્રાહક એ ઓપન એકસસ ના જી.ઈ.આર.સી રેગ્યુલેશન–૩૨(૩) મુજબ મોરબી પીજીવીસીએલ કચેરીએ ત્યાનાં ગ્રાહક મે.સ્કાય સીરામિકસ પ્રા. લીમીટેડ ને આપેલ જમા રકમ મુજબ તેમને રીફંડ આપવા બાબતની રજુઆત કરેલ તેમજ સંદર્ભ નં–૨ થી ભાવનગર સીજીઆરએફ દ્વારા આપવામાં આવેલ આદેશ મુજબ અત્રેની વીભાગીય કચેરી દ્વારા ગ્રાહક ને સંદર્ભ નં–૩ થી કુલ રૂ.૧,૨૩,૪૯,૯૬૫/– ની રકમ ગ્રાહક ના માહે જુલાઈ–૨૦૨૨ ના બીલમાં જમા આપવામાં આવેલ હતી.**

૨.૨ ઉપરોકત ઓપન એકસેસ રેગ્યુલેશન મુદ્દા નંબર–૩૨ (૩) ની બાબતે જરૂરી સ્પષ્ટતા નીચે મુજબ છે. જે કિસ્સામાં ગ્રાહકની કરારીત ડીમાંડ કરતા મીટરમાં નોંધાયેલ ડીમાંડ વધારે હોઈ (Total Recorded MD>Contracted Demand) તેવા કિસ્સામાં આ વધારાની ડીમાંડ ઉપર પેનલ રેઈટ મુજબ ડીમાંડ ચાર્જ લેવા પાત્ર છે.

૨.૩ અરજદારને આપવામાં આવેલ ઓપન એકસેસ મંજુરી (Format-3) માં મંજુર કરવામા આવેલ ડીમાંડ તમામ કિસ્સામા કરારીત ડીમાંડ કરતા ઓછી છે તથા સદર મંજુરીમાં સ્પષ્ટ જણાવેલ છે કે કોઈપણ ટાઈમ બ્લોકમાં ડ્રોઅલ થતો પાવર કરારિત ડીમાંડ કરતા વધારે હોવો જોઈએ નહી.

**૨.૪ વધુમાં સંદર્ભ નં–૪ થી રાજકોટ સીજીઆરએફ દ્વારા મોરબી–૨ વિભાગીય કચેરીના ગ્રાહક શ્રી તીર્થક પેપર્સ મીલ પ્રા.લીમીટેડ ના કેસમાં આપેલ આદેશ મુજબ ઓપન એકસસના રેગ્યુલેશન નોટીફીકેશન**

Grievance Redressal F.G.V.C.L. Bhavnagar

નં– ૩/૨૦૧૧ મુજબ, ગ્રાહક જયારે કોન્ટ્રાકટ ડીમાંડ કરતા મીટરમાં નોંધાયેલ ડીમાંડ વધારે હોઈ તેવા કિસ્સામાં પીજીવીસીએલ દ્વારા જે વધારાની ડીમાંડ ચાર્જની રકમ ગ્રાહકને જમા અપાઈ હતી તે રીકવરી ને પાત્ર છે તેમ જણાવેલ અને આ ઓપન એકસેસના રેગ્યુલેશન નોટીફીકેશન નં–૩/૨૦૧૧ મુજબ, જ અત્રેની વીભાગીય કચેરી દ્વારા કાર્યવાહી કરવામાં આવેલ અને આજ નોટીફીકેશનનો ઉલ્લેખ સંદર્ભ–૨ થી અપાયેલ ભાવનગર સીજીઆરએફ ના આદેશ માં પણ જોવા મળે છે જેના અનુસંધાને અત્રેની વીભાગીય કચેરી દ્વારા ગ્રાહકશ્રી રામ ઓકસી ગેસ પ્રા.લી.ને અગાઉ સંદર્ભ નં–૩ થી જમા આપેલ રકમ રૂા.૧,૨૩,૪૯,૯૬૫/– માંથી રૂા.૩૬,૪૯,૯૩૬/૨૫ ની રકમ રીકવરીને પાત્ર છે તે મુજબની જાણ ગ્રાહકશ્રીને સંદર્ભ નં–૫ થી કર્યા બાદ જ સદર રૂા.૩૬,૪૯,૯૩૬/૨૫ ની રીકવરીને પાત્ર રકમની ડેબીટ ગ્રાહકશ્રી ના માહે સપ્ટેમ્બર–૨૩ ના બિલમાં કરવામાં આવેલ છે.

૨.૫ ત્યારબાદ, સંદર્ભ નં–૬ થી ગ્રાહક દ્વારા તા.૨૯/૧૧/૨૦૨૩ ના રોજ અત્રેની વિભાગીય કચેરીને ઉપરોકત રીકવરીને પાત્ર રકમ રૂા.૩૬,૪૯,૯૩૬/૨૫ ની ડેબીટ બાબતે રજૂઆત કરેલ. જેના અનુસંધાને સંદર્ભ નં–૭ થી અત્રેની વિભાગીય કચેરી દ્વારા ઓપન એકસસ ના રેગ્યુલેશન નોટીફીકેશન નં–૩/૨૦૧૧ ના ચેપ્ટર ૮ ના કલોઝ નં–૩૨(૩) મુજબ જ કાર્યવાહી કરવામાં આવેલ છે જે બાબતની જાણ ગ્રાહકશ્રી ને લેખિતમાં પણ પત્ર નં–પીએલટી/ટેક/૪૭૨૮ તા.૨૦/૦૨/૨૦૨૩ ફરી વખત કરી દેવામાં આવેલ છે.

૨.૬ ત્યારબાદ, સંદર્ભ નં–૮ થી ગ્રાહક દ્વારા ભાવનગર સીજીઆરએફ માં કરવામાં આવેલ ફરીયાદના અનુસંધાને અત્રેની વિભાગીય કચેરીની રજૂઆત નીચે મુજબ છે.

૨.૭ ઓપન એકસસના રેગ્યુલેશન નોટીફીકેશન નં–૩/૨૦૧૧ ના ચેપ્ટર નં–૮ ના કલોઝ નં–૩૨(૩) મુજબ જયારે પણ ગ્રાહક દ્વારા કોન્ટ્રાકટ ડીમાન્ડ કરતા મીટરમાં નોંધાયેલ વાસ્તવીક ડિમાન્ડ વધારે હોઈ તેવા કિસ્સામાં કોઈ રકમ જમા આપવા પાત્ર થતી નથી. ગ્રાહકશ્રી દ્વારા નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ કુલ – ૧૨ કેસ

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

| Month | Contracted Demand | Billing Demand | Refund Already Given | Actual Amt. Liable to consider for Refund | Recoverable Amt. |
|---|---|---|---|---|---|
| Apr-13 | 3800 | 3967 | 35100 | 0 | 35100 |
| Jun-13 | 3800 | 3921 | 18650 | 0 | 18650 |
| Dec-13 | 3800 | 3850 | 23800 | 0 | 23800 |
| Jan-14 | 3800 | 3908 | 106750 | 0 | 106750 |
| Feb-14 | 3800 | 3852 | 43050 | 0 | 43050 |
| Mar-14 | 3800 | 3814 | 199500 | 0 | 199500 |
| Oct-18 | 7400 | 7411 | 23488.75 | 0 | 23488.75 |
| Jan-19 | 7400 | 7449 | 606337.5 | 0 | 606337.5 |
| Feb-19 | 7400 | 7426 | 606337.5 | 0 | 606337.5 |
| Mar-19 | 7400 | 7448 | 606337.5 | 0 | 606337.5 |
| Jan-20 | 7400 | 7410 | 606337.5 | 0 | 606337.5 |
| Feb-20 | 7400 | 7436 | 606337.5 | 0 | 606337.5 |
| Total | | | 3649936.25 | 0 | 3649936.25 |

**આમ, ઉપરોક્ત માહિતી પરથી સ્પષ્ટ છે કે, સદર ગ્રાહક** દ્વારા કુલ ૧૨ કેસમાં કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતા મીટર માં નોંધાયેલ વાસ્તવીક ડિમાન્ડ વધારે માલૂમ પડે છે જે કારણોસર સદર ગ્રાહકના માહે સપ્ટેમ્બર–૨૦૨૩ ના બિલમાં રૂ.૩૬,૪૯,૯૩૬/૨૫ ની રીકવરીને પાત્ર રકમની ડેબીટ કરવામાં આવેલ છે. જે ઓપન એક્સસ રેગ્યુલેશન નોટીફીકેશન નં–૩/૨૦૧૧ ના ચેપ્ટર–૮ ના કલોઝ નં–૩૨(૩) મુજબ યોગ્ય છે.

ઉપરોક્ત બાબત આપ સાહેબશ્રીની જાણ સારૂ તેમજ આગળની યોગ્ય કાર્યવાહી સારૂ.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી મે.શ્રી રામ ઓક્સી ગેસ પ્રા.લી, ખારગેટ, ભાવનગર દ્વારા પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા તેમના ખાતામાં કરેલ રીકવરી રૂા.૩૬,૪૯,૯૩૬/૨૫ સામે વાંધો થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૦૫/૦૩/૨૦૨૪ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં બંને પક્ષોના પ્રતિનિધિઓએ હાજર રહી રજૂઆતો કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસની વિગત મુજબ, તેમના ઈએચટી કનેકશન નં–૨૩૩૬૮ માં પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા કરવામાં આવેલ ડિમાન્ડ ચાર્જીસની ખોટી ગણતરી કરી આપેલ બીલ સામે તકરાર થતા ગ્રાહક

તકરાર નિવારણ ફોરમને રજૂઆત કરેલ. જેનો કેસ નં–૩૮/૨૧–૨૨ હતો તથા સુનાવણી ના અંતે ફોરમ દ્વારા તેમના ચુકાદા પત્ર નં–૩૭૯૬ તા.૨૩/૧૨/૨૦૨૧ થી નીચે મુજબનો ચુકાદો કરવામાં આવેલ.

**'' ઓપન એકસસના રેગ્યુલેશન નોટીફીકેશન નં– ૩/૨૦૧૧ મુજબ, ગ્રાહક જયારે કોન્ટ્રાકટ ડીમાંડ કરતા મીટરમાં નોંધાયેલ ડીમાંડ વધારે હોઈ તેવા કિસ્સામાં પીજીવીસીએલ દ્વારા જે વધારાની ડીમાંડ ચાર્જની રકમ ગ્રાહકને જમા અપાઈ હતી તે રીકવરી ને પાત્ર છે.''**

૩.૪ **ફોરમના ચુકાદાને ધ્યાને પ્રતિવાદી** દ્વારા વાદીને જુલાઈ–૨૦૨૨ ના બીલમાં રીફંડ રૂા.૧,૨૩,૪૯,૯૬૫/– જમા આપવામાં આવેલ.

પરંતુ, અચાનક પ્રતિવાદી દ્વારા તેમના તા.૩૦/૦૯/૨૦૨૩ ના પત્ર નં–૩૬૧૨ થી વાદીને જીઈઆરસીના ઓપન એકસસ ના રેગ્યુલેશન ટાંકીને માસ ફેબ્રુ–૧૩ થી ડિસે–૨૨ સુધીના સમયગાળામાં કુલ–૧૨ વખત મીટરમાં નોંધાયેલ ડિમાન્ડ વાદીની કરારીત ડિમાન્ડ કરતા વધારે હોવાનું જણાવી મંથ વાઈઝ પત્રક સાથે વાદીના ખાતામાં શરતચૂકથી રૂા.૩૬,૪૯,૯૩૬/૨૫ ની વધારે ક્રેડીટ આપેલ હોઈ, તે રકમ વાદીના ખાતામાં ડેબીટ કરી ભરપાઈ કરવાનો પત્ર લખી જાણ કરેલ છે. જેની સામે વાદીએ ફોરમને રજુઆત કરેલ.

૩.૫ રજુ થયેલ રજુઆતો, બીલીંગ ડેટા, ફોરમનો ચુકાદો તથા જીઈઆરસી ના નોર્મ્સ વગેરેને ધ્યાને લેતાં ફોરમ નીચેના અવલોકનો પર આવે છે.

(૧) પ્રતિવાદીએ ફોરમના ચુકાદા મુજબની રકમ રીફંડ કર્યા બાદ ફોરમને વાદીને કે તેમની વડી કચેરી ના માર્ગદર્શન મેળવ્યા વગર જ વાદીના ખાતામાં રકમ ડેબીટ કરેલ છે. જે અંગેની નોટીસ પણ અગાઉ વાદીને આપવામાં આવેલ નથી.

(૨) પ્રતિવાદી દ્વારા ઘણા જ લાંબા સમય બાદ પોતાની ભૂલ ધ્યાને હોવાનું કારણ દર્શાવી રીકવરી કરેલ છે. જે અંગે તેમની વડી કચેરી થી સંમતિ/માર્ગદર્શન પણ લેવામાં આવેલ નથી.

**૩.૬ પ્રતિવાદીના ખાતામાં પીજીવીસીએલ દ્વારા કરવામાં આવેલ રૂ.૩૬,૪૯,૯૩૬=૨૫ ની રીકવરી અયોગ્ય છે. અને સી.જી.આર.એફ. ના ચુકાદાનું ઉલ્લઘન હોય, રદ કરવાને પાત્ર છે. આથી હુકમ કરવામાં આવે છે કે ઉપરોકત રકમ ગ્રાહકના ખાતામાં તાત્કાલિક અસર થી બાદ આપવાની રહેશે.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રી જે.એમ મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(બી.આર.વડાવીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૦૫/૦૩/૨૦૨૪.